Extra No. 240

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LXVI] **MONDAY, JULY 7, 2025 / ASHADHA 16, 1947**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૨૦૨૫

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગના તારીખઃ ૧૯મી મે, ૨૦૨૫ના જાહેરનામા ક્રમાંકઃ જીએચ/વીએસ/૧૨૭/૨૦૨૨/૫૩/એ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આર. આર. સોલંકી,

સરકારના નાયબ સચિવ.

NOTIFICATION

Regarding

Amendment to the Speaker and Deputy Speaker Travelling and Daily Allowances Rules, 1960.

અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પ્રવાસ અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦ સુધારવા સંબંધી
જાહેરનામું

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી મે, ૨૦૨૫

ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક. જીએચ/વીએસ/૧૨૭/૨૦૨૨/૫૩/એ: ગુજરાત વિધાનસભા (અધ્યક્ષ અને ઉપાધ્યક્ષ) પગાર અને ભથ્થાં અધિનિયમ, ૧૯૬૦ (સન ૧૯૬૦ના ગુજરાતના ૩જા)ની કલમ ૧૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પ્રવાસ અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો, અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પ્રવાસ અને દૈનિક ભથ્થાં (સુધારા) નિયમો, ૨૦૨૫ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૮મી તારીખે અમલમાં આવ્યા હોવાનું ગણાશે.

૨. અધ્યક્ષ અને ઉપાધ્યક્ષના પ્રવાસ અને દૈનિક ભથ્થાં નિયમો, ૧૯૬૦માં, નિયમ ૪-માં,

(ક) પેટા-નિયમ (૩)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

''(૩) સરકારી અથવા જાહેર ક્ષેત્રના અતિથિગૃહ (ગેસ્ટ હાઉસ)માં રોકાવા માટે અથવા પોતાની રીતે વ્યવસ્થા કરીને રહેવા માટે, દૈનિક ભથ્થાંના દર નીચે મુજબ રહેશે:-

ક્રમાંક	શહેરોનું વર્ગીકરણ *	દૈનિક ભથ્થાંનો દર
૧	X વર્ગના શહેરો	રૂ. ૧૦૦૦
૨	Y વર્ગના શહેરો	રૂ. ૮૦૦
૩	Z વર્ગના શહેરો	રૂ. ૫૦૦

* સરકારે વખતોવખત જાહેર કર્યા પ્રમાણે."

(ખ) પેટા-નિયમ (૪)માં, ખંડ (ક)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:-

"(ક) કોઇ હોટેલમાં અથવા જમવાની અને રહેવાની વ્યવસ્થા પૂરી પાડતી અન્ય સંસ્થામાં રોકાવા માટે, દૈનિક ભથ્થાંના દર નીચે મુજબ રહેશે:-

ક્રમાંક	શહેરોનું વર્ગીકરણ *	દૈનિક ભથ્થાંનો દર
૧	X વર્ગના શહેરો	રૂ. ૨૬૦૦
૨	Y વર્ગના શહેરો	રૂ. ૨૧૦૦
૩	Z વર્ગના શહેરો	રૂ. ૧૩૦૦

* સરકારે વખતોવખત જાહેર કર્યા પ્રમાણે."

૩. આ જાહેરનામું સન ૨૦૨૪ના નવેમ્બર મહિનાની ૮મી તારીખથી અમલમાં આવતું હોવાથી, અધ્યક્ષ અને યથાપ્રસંગ, ઉપાધ્યક્ષ જૂના દરો સાથે તેઓએ અગાઉ રજૂ કરેલા બિલ માટે પાછલી બાકીની રકમ (એરીયર્સ) મેળવવાને પાત્ર રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. આર. જોષી,

સરકારના નાયબ સચિવ.

Signature Not Verified
Signed by:BHOLUSINGHG THAKUR
Date: 2025.07.12 15:09:42 +05:30
Reason: Validate Document
Location: Government Central Press, Gandhinagar